# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૮ અંક : ૨૯૦ તા.૯-૦૮-૨૦૨૨ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

# ભારતીય બજારો અત્યારે તકલાદી પાયા ઉપર ચાલી રહ્યા છે

અમેરિકન ફેડરલ રિઝર્વની છેલ્લી મીટીંગ પછી ફેડરલ રિઝર્વ દ્વારા જે સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું તેને બહુમતી એનાલિસ્ટો અને રોકાણકારોએ પોઝિટિવ રીતે સ્વીકાર્યું છે. ફેડરલ રિઝર્વના ચેરમેને આગામી સમયગાળામાં વ્યાજદરમાં ઓછો વધારો કરાશે તેવો કોઈ સંકેત નથી આપ્યો તેમ છતાં રોકાણકારોએ તેને પોતાને ગમતો અર્થ કરી નાખ્યો અને આગામી સમયગાળામાં અમેરિકન ફેડરલ રિઝર્વ ઓછા દરે વ્યાજદર વધારશે તેવી ગણતરીઓ મૂકીને શેરબજારને ઊંચકી નાખ્યું અને તેના પ્રતિબિંબ રીતે વિશ્વભરના શેરબજાર અને ભારતીય શેરબજારમાં પણ મજબૂત અપટ્રેન્ડ જોવાયો છે.

ભારતમાં શુક્રવારે રિઝર્વ બેંક દ્વારા ૫૦ બેઝિક પોઈન્ટનો વ્યાજદર વધારાયો અને હવે પછીના સમયગાળામાં વ્યાજદરમાં સામાન્ય વધારો કરાશે તેવી ગણતરીઓ શરૂ થઈ ગઈ છે.

અમેરિકામાં ફુગાવાનો દર હજી પણ ખૂબ ઊંચો છે. સામે પક્ષે એપ્રિલથી જુલાઈના ક્વાર્ટરમાં પણ અમેરિકાના જીડીપીમાં નેગેટીવ ટ્રેન્ડ જોવાયો અને તે રીતે સતત બીજા ક્વાર્ટર દરમ્યાન પણ અમેરિકામાં જીડીપી વૃદ્ધિદર નકારાત્મક આવવાને કારણે અનેક અર્થશાસ્ત્રીઓ અમેરિકા મંદીમાં ફસાઈ રહ્યું છે તેમ ગંભીરપણે માની રહ્યા છે.

બીજી તરફ ઈંગ્લેન્ડમાં અત્યારે ફુગાવો ઐતિહાસિક લેવલ ઉપર ચાલી રહ્યો છે અને તેને કારણે ગુરુવારે ઈંગ્લેન્ડની સેન્ટ્રલ બેંક દ્વારા છેલ્લા ૨૭ વર્ષમાં ન જોવાયો હોય તેવો વ્યાજદર વધારી દીધો છે. અગાઉ બેંક ઓફ ઈંગ્લેન્ડ દ્વારા સને ૧૯૯૫માં ઝડપથી વધી રહેલા ફુગાવાને નાથવા માટે આવો મોટો વધારો કર્યો હતો અને તે પછી સને ૨૦૨૨માં તેમણે આ રીતે વધારો કર્યો. ઈંગ્લેન્ડમાં અત્યારે ફુગાવો ૪૦ વર્ષના ટોપ ૯.૪ ટકાના લેવલે પહોંચી ગયો છે. બેંક ઓફ ઈંગ્લેન્ડને તેના વ્યાજદરમાં ૫૦ બેઝિક પોઈન્ટનો વધારો કરાતા તેની સાથે સાથે ઈંગ્લેન્ડના શેરબજાર અને સમગ્ર યૂરોપના શેરબજારોમાં મોટો ઘટાડો જોવાયો હતો. બેંક ઓફ ઈંગ્લેન્ડે સતત છઠ્ઠી વખત વ્યાજદર વધાર્યા છે અને હવે વ્યાજદર ૧.૭૫ ટકાના લેવલે આવી ગયો છે અને બેંક ઓફ ઈંગ્લેન્ડનું સ્પષ્ટ રીતે મંતવ્ય છે કે તેમનો દેશ ચાલુ વર્ષના ચોથા ક્વાર્ટરમાં પણ નેગેટીવ વૃદ્ધિદર દર્શાવશે અને તેને કારણે મંદીમાં ખૂંપી જશે. સને ૨૦૨૨ અને સને ૨૦૨૩ દરમ્યાન હાઉસહોલ્ડ આવકોમાં સતત ઘટાડાનો ભય છે અને તેની સાથે સાથે ખરીદી અને વપરાશમાં પણ મોટો ઘટાડો જોવાય તે સંભાવના જોવાય છે.

યૂરોપિયન બજારોના આ પ્રકારના નબળા ટ્રેન્ડ પછી શુક્રવારે સવારે એશિયાઈ બજારોમાં પણ ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો હતો. ચીન દ્વારા તાઈવાનની સરહદ ઉપર મિલિટ્રી પરિક્ષણ થયું અને તેને કારણે જાપનના કેટલાક વિસ્તારોમાં મિસાઈલના ટુકડા પડ્યા છે અને આ પાસાને વિશ્વભરમાં ગંભીરતાથી જોવાય છે. આગામી દિવસોમાં તાઈવાન અને ચીન વચ્ચે ઘર્ષણ વધે અને તેમાં અમેરિકા એકદમ સક્રિય રહે તેવી ગણતરી છે. અને તેથી યૂક્રેન અને રશિયા વચ્ચે જે યુદ્ધ ઊભું થયું તે પછી આ એક નવા યુદ્ધને કારણે યુદ્ધના ભય હેઠળ અત્યારે વિશ્વભરના રોકાણો તણાવમાં આવી ગયા છે અને આગામી દિવસોમાં તેની અસર શેરબજારો તેમજ સોના-ચાંદી અને ક્રૂડના ભાવ ઉપર નકારાત્મક રહેવાની ગણતરી છે.

[redacted]ાન વચ્ચેની તંગદી[redacted]ણે સોનાના ભાવમ[redacted]ાણની રીતે આકર્[redacted] બીજી તરફ વૈશ્વિક[redacted]હોવાથી તેની અસર[redacted] સતત ઘટતા

## વિશ્વભરના શેરબજાર અને ભારતીય શેરબજારમાં પણ મજબૂત અપટ્રેન્ડ જોવાયો

જાય છે અને આગામી દિવસોમાં પણ ક્રૂડ વધારે ઘટે તે સંભાવના ખૂબ મોટી છે.

ભારતમાં જુલાઈ મહિના દરમ્યાન વ્યાપાર ખાધ ૩૧ બિલિયન ડોલર ઉપર જોવાઈ. ભારતમાંથી નિકાસોમાં મોટો ઘટાડો થયો છે અને આયાતો ઝડપથી વધી ગઈ છે અને તેથી વેપાર ખાધ અત્યારે ઐતિહાસિક લેવલે આવી જતા તેની મોટી અસર રૂપિયા ઉપર પડશે તે સ્વાભાવિક છે.

છેલ્લી થોડીક સેશનથી રિઝર્વ બેંક રૂપિયાને સપોર્ટ આપી રહ્યું છે અને તેથી આ સપોર્ટ વગર રૂપિયો અત્યારે ૮૦ના લેવલે હોત તેને બદલે અત્યારે ૭૮.૮૦ આસપાસ ચાલી રહ્યો છે, પરંતુ વધારે લાંબો સમય રિઝર્વ બેંક આ રીતે સપોર્ટ નહિ આપી શકે.

રિઝર્વ બેંક દ્વારા રૂપિયાને સપોર્ટ અપાય ત્યારે તેના દ્વારા મોટા પાયે મોટી સંખ્યામાં ફોરેન કરન્સી વપરાય છે અને આ રીતે રૂપિયાને સપોર્ટ આપવા જતા વિદેશી હૂંડિયામણ રિઝર્વ ઘટે અને સાથે સાથે વેપાર ખાધને કારણે પણ વિદેશી હૂંડિયામણ રિઝર્વ ઘટે તેનાથી રૂપિયા ઉપરનું દબાણ સતત વધી રહ્યું છે અને તેથી કેટલાક અર્થશાસ્ત્રીઓનું સ્પષ્ટ મંતવ્ય છે કે આ રીતે રૂપિયાને ટકાવવા જતા અર્થતંત્રની હાલત વધારે નાજૂક થઈ જશે.

કેટલાક એનાલિસ્ટોનું મંતવ્ય છે કે અમેરિકા ૧૮ મહિનાની મંદીના તબક્કામાં દાખલ થઈ રહ્યું છે અને ભારતમાં પણ તેના પ્રતિબિંબની રીતે મંદીનો તબક્કો જોવાશે તેવી સંભાવના ખૂબ મોટી છે. ભારતમાં ફુગાવાના આંકડા છુપાવાય છે તે આપણે સૌ સમજીએ છીએ અને તેની સીધી અસર વપરાશ ઉપર સ્પષ્ટ રીતે દેખાય છે. એફએમસીજી કંપનીઓએ જૂન આખર સુધીમાં કિંમતોમાં તોતીંગ વધારો કરી નાખતા અત્યારે તો તેમના નફામાં મોટા ગાબડા નથી પડ્યા પરંતુ આગામી સમયગાળામાં એફએમસીજી કંપનીઓની નફાશક્તિને વધારે અસર પડે તો સહેજેય નવાઈ નહિ લાગે અને તે જ પ્રકારે ટેક્ષટાઈલ કંપનીઓના આંકડા પણ તદ્દન નિરાશાજનક આવ્યા છે. જાન્યુઆરીથી જૂન દરમ્યાન જે રીતે કપાસના ભાવ આસમાને હતા તેની ગંભીર અસર ટેક્ષટાઈલ અને ગાર્મેન્ટ કંપનીઓ ઉપર પડી છે અને મોટા ભાગની કંપનીઓના નફામાં ખૂબ મોટો ઘટાડો થયો છે અને તેમાં હવે જુલાઈથી સપ્ટેમ્બર ક્વાર્ટર દરમ્યાન મોંઘવારીને કારણે માંગ ઉપર અસર પડે અને નફા ઘટે તે ભય છે. સિમેન્ટ અને મેટલ કંપનીઓની હાલત પણ નાજૂક છે. આમ અત્યારના તબક્કે તો વ્યાજદર ખાસ નથી વધ્યો તે રાહતનું કારણ લાવીને બજારને ઊંચકવામાં આવી રહ્યુ છે, પરંતુ ભારતીય બજારો અત્યારે તકલાદી પાયા ઉપર ચાલી રહ્યા છે તે પાસું ધ્યાન બહાર ન જાય અને તેથી વધારે પડતું એક્સપોઝર લેવામાં જોખમ ખૂબ મોટું છે.

વિવિધ એફએમસીજી કંપનીઓએ છેલ્લા થોડા મહિના દરમ્યાન વેચાણ કિંમતોમાં તોતીંગ વધારો કરતા એકંદરે પરિણામો ખરાબ નથી આવ્યા અને તે પાછળ એકદમ ઘટી ગયેલા એફએમસીજી શેરોમાં છેલ્લા ત્રણેક અઠવાડિયાથી સુધારાનો ટ્રેન્ડ છે અને હજી પણ રાહતની લાગણીની રીતે આ એફએમસીજી શેરોમાં અપટ્રેન્ડ આગળ વધે તે સંભાવના મજબૂત છે.

**વરૂણ બેવરેઝીસ**માં નફાનો આંકડો અપેક્ષા કરતા ખૂબ જ જોરદાર આવ્યો છે અને તે પાછળ આ શેરમાં રૂા. ૧૦૧૭નું લેવલ જોવાયું. શેર હવે તેના શોર્ટટર્મ ટોપની નજીક આવતો જાય છે. અને આગામી દિવસોમાં આ શેરમાં રૂા. ૧૦૪૦થી ૧૦૭૪ વચ્ચે પ્રોફિટ બુકિંગ શરૂ કરતા જવું. શોર્ટટર્મમાં રૂા. ૧૧૦૦ના લેવલથી આ શેર પાછો પડે તે સંભાવના ખૂબ મજબૂત છે.

બીજી તરફ **આઈટીસી**ના શેરમાં પણ સતત અપટ્રેન્ડ જળવાઈ રહ્યો છે. જૂન ક્વાર્ટરના આઈટીસીના આંકડા પણ ખૂબ જ સુંદર આવ્યા છે. શેર રૂા. ૩૧૧ ઉપર છે અને આવતા બેથી ત્રણ અઠવાડિયા મજબૂત અપટ્રેન્ડ ચાલુ રહે તેવી ગણતરી છે તેમ છતાં આ શેરમાં હાલના લેવલથી બહુ મોટો ઉછાળો નથી દેખાતો. ઉપરમાં રૂા. ૩૧૫-૩૧૮ આસપાસ શેર આ શેર ઠંડો પડી જાય તે સંભાવના ખૂબ મજબૂત છે.

**હિન્દુસ્તાન યુનિલિવર**નો શેર પ્રોત્સાહક પરિણામ પછી મજબૂત તેજીમાં આગળ વધ્યો છે. અત્યારે રૂા. ૨૬૪૪ ઉપર આવી ગયેલા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૨૭૨૭ અને તે પછીના ઉછાળે રૂા. ૨૭૪૭નો ભાવ જોવા મળે તેવી ગણતરી છે અને તેથી ત્રણથી ચાર અઠવાડિયાના એન્ગલથી આ શેરમાં શોર્ટટર્મ રોકાણ કરી શકાય અને જૂનું રોકાણ હોય તો શોર્ટટર્મ ટોપ માટે રોકાણ જાળવી પણ શકાય.

**મેરિકો**ના શેરમાં પણ મજબૂત અપટ્રેન્ડ દેખાય છે. આ શેર પણ સારો એવો ઘટી ગયો હતો અને તે પછીના કેવળ ચાર અઠવાડિયાના સમયગાળામાં જ રૂા. ૪૫૫ના લેવલથી ઊંચકાઈને આ શેર અત્યારે રૂા. ૫૨૯ ઉપર આવ્યો છે. શેર મેજર અપટ્રેન્ડમાં છે અને આવતા થોડા દિવસો દરમ્યાન આ શેરમાં રૂા. ૫૪૪ અને તે પછીના ઉછાળે રૂા. ૫૬૪નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે અને તેથી થોડાક મેરિકો શોર્ટટર્મ કમાણી માટે લઈ શકાય.

**પ્રોક્ટર એન્ડ ગેમ્બલ હાઇજીન એન્ડ હેલ્થકેર**નો શેર અત્યારે રૂા. ૧૪૮૫૧ ઉપર ચાલી રહ્યો છે. આ શેર મેજર અપટ્રેન્ડમાં છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૧૫૦૦૦ અને તે પછી રૂા. ૧૫૨૦૦નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે અને તેથી થોડા દિવસોમા 'જ રૂા. ૨૦૦-૨૦૦ની બે નોટ મળી જાય તો નવાઈ નહિ લાગે.

**નેસ્લે**નો શેર મેજર અપટ્રેન્ડમાં દાખલ થયો છે. કોફીના વેચાણો જોરદાર છે અને સાથે સાથે મેગીમાં પણ અત્યારે કંપની સુંદર કામગીરી દર્શાવે છે. રૂા. ૧૯૮૧૧ વાળો આ શેર આવતા થોડા દિવસો દરમ્યાન રૂા. ૨૦૦૫૦ અને તે પછી બીજા રૂા. ૨૦૦ વધીને રૂા. ૨૦૨૫૦ અને તે પછી રૂા. ૫૦૦ વધીને રૂા. ૨૦૭૫૦નો ભાવ બતાવે તેવી ગણતરી છે. આવતા થોડા દિવસોમાં આ શેર રૂા. ૧૦૦૦ની નોટ આપી શકશે. અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

**ડાબર**ના શેરમાં પણ અત્યારે ધીમો અપટ્રેન્ડ શરૂ થયો છે. ડાબર અત્યારે રૂા. ૫૭૪ ઉપર છે અને તેમાં હજી અપટ્રેન્ડ હમણા જ શરૂ થયો હોવાને કારણે ઉછાળો થોડોક ધીમો રહેશે. આવતા થોડા દિવસો દરમ્યાન આ શેરમાં રૂા. ૫૮૨ અને તે પછી ધીરે ધીરે રૂા. ૫૯૨નો ભાવ જોવા મળે તેવી ગણતરી છે અને તે પછી રૂા. ૬૦૨નો ભાવ પણ થોડા દિવસોમાં જોઈ શકાશે. આમ રૂા. ૩૦નું રિટર્ન ત્રણ કે ચાર અઠવાડિયામાં આપી જાય તેવી ગણતરી છે અને તેથી થોડાક ડાબરના શેર લઈને મૂકી શકાય.

**બ્રિટાનિયા**નો શેર અત્યારે હજી ટૂંકી વધઘટ ઉપર પડી રહ્યો છે. રૂા. ૩૭૭૫વાળા આ શેરમાં આવતા થોડા દિવસો દરમ્યાન કોન્સોલિડેશન અને ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવા મળવાની ગણતરી છે. તે જ પ્રકારે **ઇમામી**નો શેર અત્યારે રૂા. ૪૬૦ ઉપર છે અને આ શેરમાં પણ હજી તેજી માંડ શરૂ થઈ છે. એકદમ ધીમા સુધારા સાથે આ શેરમાં



ઉપરમાં રૂા. ૪૬૮ અને તે પછી રૂા. ૪૮૦નો ભાવ જોવા મળી જાય તેવી ગણતરી.

શોર્ટટર્મ એન્ગલથી **યુનાઇટેડ સ્પીરીટ** અને **યુનાઇટેડ બ્રુવરી**ના શેરમાં આકર્ષણ ઓછું છે. એનાલિસ્ટોનું મંતવ્ય છે કે યુનાઈટેડ સ્પીરીટ અત્યારે યોગ્ય વેલ્યૂએશન ઉપર ચાલી રહ્યો છે અને તેમાં ઉછાળા કરતા પાંચ કે દસ ટકા ઉછાળાની સંભાવના ફંડહાઉસને લાગે છે. તે જ પ્રકારે રૂા. ૧૬૧૨ વાળા યુનાઈટેડ બ્રુવરીમાં પણ હજી થોડા દિવસો ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવા મળે તેવી ગણતરી છે.

આ થઈ ફંડહાઉસની અને શોર્ટટર્મ ટ્રેન્ડની વાત, પરંતુ ચાણક્યનું સ્પષ્ટ મંતવ્ય છે કે અત્યારના રૂા. ૭૮૬થી રૂા. ૭૩૦ વચ્ચેના ભાવે યુનાઈટેડ સ્પીરીટના શેરો ભેગા કરતા જવાય અને ૧૨થી ૧૮ મહિનાના સમયગાળામાં આ શેર જોરદાર રિટર્ન આપી શકશે.

તે જ પ્રકારે યુનાઈટેડ બ્રુવરીમાં પણ રૂા. ૧૬૧૨થી રૂા. ૧૫૪૦ની રેન્જમાં થોડા થોડા શેરો ભેગા કરતા જવા અને લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટની રીતે આ ટોચની બ્રુવરી કંપનીમાં સુંદર રિટર્ન છૂટવાની જગ્યા છે.

**રેડીકો ખેતાન**નો શેર અત્યારે રૂા. ૯૨૧ ઉપર ચાલે છે અને તેમાં પણ શોર્ટટર્મમાં નાની વધઘટમાં ભાવ અથડાઈ જવાની ગણતરી છે. નીચામાં રૂા. ૯૦૦ અને ઉપરમાં રૂા. ૯૫૦ વચ્ચે ભાવ અથડાયા કરે પરંતુ આ શેરમાં પણ ૧૨થી ૧૮ મહિનાના એન્ગલથી થોડા થોડા શેરો ભેગા કરતા જજો અને તે શેર પણ સુંદર રિટર્ન આપી શકશે.

**ગોદરેજ કન્ઝ્યુમર**ના શેરમાં અત્યારે ટૂંકી વધઘટનો ટ્રેન્ડ ચાલે છે. આ કંપનીના વેચાણો ઉપર અસર મર્યાદિત છે, કારણ કે આ કંપનીની પ્રોડક્ટો એકદમ વેલ્યૂબાઈંગની રીતે ખૂબ જ આકર્ષણ ગ્રાહકોમાં ધરાવે છે અને તેથી અત્યારના ભાવથી ઘટવાની જગ્યા નહિવત છે. નાના કરેકશન પછી આ શેર ઝડપથી ઊંચકાઈ જવાની જગ્યા છે અને તેથી તે શેર ઉપર ફોકસ કરી શકાય.

**તાતા કન્ઝ્યુમર**ના શેરમાં પણ છેલ્લી ત્રણેક સેશનથી નબળાઈનો તબક્કો જોવાયો. રૂા. ૮૨૦ના લેવલથી ઘટીને તાતા કન્ઝ્યુમર અત્યારે રૂા. ૭૮૯ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં હજી આ શેરમાં રૂા. ૭૭૨ સુધી ભાવ ઉતરવાની જગ્યા છે. બહુ મોટો ઉછાળો કે બહુ મોટો ઘટાડો તાતા કન્ઝ્યુમરમાં નથી દેખાતો. તેમ છતાં ઈન્વેસ્ટમેન્ટની રીતે તાતા કન્ઝ્યુમરના શેરો ભેગા કરતા જવા અને તે શેર ખૂબ જ સુંદર રિટર્ન આપી શકશે.

રૂા. ૧૬૧૧વાળા **કોલગેટ**ના શેરમાં પણ એકદમ ધીમો અપટ્રેન્ડ શરૂ થયો છે. ટૂથપેસ્ટનું માર્કેટ મજબૂત છે અને તેને કારણે અત્યારે રૂા. ૧૬૧૧ ઉપર આવી ગયેલા આ શેરમાં થોડુંક રોકાણ કરાય, આવતા થોડા દિવસોમાં રૂા. ૧૬૪૮ અને તે પછી રૂા. ૧૬૭૮નો ભાવ જોવા મળી જવાની ગણતરી છે. આવતા ત્રણ-ચાર અઠવાડિયામાં આ શેર સારું રીટર્ન આપી શકશે.

**અદાણી વિલમર**નો શેર અત્યારે રૂા. ૬૮૪ ઉપર ચાલે છે અને તેમાં પણ ધીમો અપટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. વેલ્યૂએશન ખૂબ જ આકર્ષક છે અને તે પાસાને કારણે આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૭૧૪ અને તે પછીના ઉછાળે રૂા. ૭૩૫ અને તે પછી રૂા. ૭૭૫નો ભાવ જોવા મળે તો નવાઈ નહિ લાગે. આ શેરમાં જૂનું રોકાણ જાળવી રખાય અને થોડાક નવા શેરો પણ લઈ શકાય.

**પતંજલિ ફૂડ** કે જે અગાઉ રુચિસોયા નામ ધરાવતી હતી તેનો શેર રૂા. ૧૧૨૧ ઉપર છે અને તેમાં પણ વેલ્યૂએશન આકર્ષક છે અને તે શેરમાં રોકાણ જાળવી શકાય. આગામી દિવસોમાં આ શેર ધીમા સુધારા સાથે રૂા. ૧૨૦૦નો ભાવ બતાવશે તે સંભાવના મજબૂત છે. છેલ્લા ૧૨ મહિના દરમ્યાન પતંજલિએ રૂા. ૨૨.૨૭ની શેરદીઠ કમાણી મેળવી છે અને તે રીતે શેર ૫૦.૩૪ના પીઈરેશિયો ઉપર ચાલે છે. જ્યારે આ સેક્ટરનો સરેરાશ પીઈરેશિયો ૫૭ પ્લસનો છે. આ શેરમાં રોકાણ જાળવી રખાય.

પેટા કંપનીમાં ડેરીનો બિઝનેસ ધરાવતી અને પશુઆહારના ધંધામાં પ્રથમ સ્થાન ધરાવતી **ગોદરેજ એગ્રોવેટ**નો શેર હજી પણ મંદીની અસર હેઠળ છે. છેલ્લા પાંચ વર્ષથી આ શેર જોરદાર રિટર્ન આપશે તેવી આશામાં અનેક ઈન્વેસ્ટરોએ તેમાં મોટું રોકાણ કર્યું છે, પરંતુ આઈડીએફસીની જેમ છેલ્લા પાંચ વર્ષથી આ શેરે સદંતર નિરાશા જ આપી છે અને અત્યારના રૂા. ૪૯૦ના ભાવથી આ શેરમાં વધારે ઘટાડા સાથે રૂા. ૪૭૮-૪૬૨નો ભાવ જોવા મળી જાય તો સહેજેય નવાઈ નહિ લાગે.

સામે પક્ષે **હેરીટેજ ફૂડ**નો શેર પણ અત્યારે ટૂંકી વધઘટના તબક્કામાં ચાલે છે. રૂા. ૨૯૨ વાળા આ શેરમાં શોર્ટટર્મ તેજીનો તબક્કો શરૂ થયો છે અને તેથી આવતા થોડા દિવસો દરમ્યાન તેમાં રૂા. ૨૯૪-૩૦૧નો ભાવ જોવા મળે તેવી ગણતરી છે. બહુ મોટો ઉછાળો આ શેરમાં નથી દેખાતો.

થોડા મહિના પહેલા આઈપીઓ લઈને આવેલી **ડોડલા ડેરી**નો શેર અત્યારે રૂા. ૫૦૫ ઉપર ચાલે છે. અને તેમાં પણ થોડા દિવસો કોન્સોલિડેશનનો ટ્રેન્ડ જોવા મળવાની ગણતરી છે.

**પરાગ મિલ્ક** અત્યારે રૂા. ૯૧-૯૨ ઉપર મળી રહ્યો છે અને તેમાં એકદમ શોર્ટટર્મ નબળાઈનો તબક્કો છે. નીચામાં નાના ઘટાડા સાથે રૂા. ૮૯ અને તે તૂટે તો રૂા. ૮૬નો ભાવ જોવા મળી જવાની સંભાવના.

**મિસિસ બેક્ટર**નો શેર અત્યારે રૂા. ૩૨૨ ઉપર ચાલે છે અને આ શેરમાં પણ શોર્ટટર્મ કરેકશન પછી તેજી આગળ વધી શકશે. હાલના તબક્કે ઘટવાની જગ્યા નહિવત અને ઉપરમાં રૂા. ૩૪૦થી રૂા. ૩૬૦ ક્યાં આવી જશે તે પણ ખબર નહિ પડે અને તેથી શોર્ટટર્મ પ્રોફિટ બુકિંગના તબક્કામાં ૧૦ કે ૨૦ શેર લઈને મૂકી દેવા. આ શેર સારું રિટર્ન આપી શકશે.

લગભગ અઢી વર્ષના સમયગાળા પછી હોટલ અને રેસ્ટોરન્ટ કંપનીઓ માટે હવે મબલખ કમાણીનો તબક્કો આવી ગયો છે. ૯મી ઓગસ્ટથી શરૂ થતા ૧૦ દિવસ દરમ્યાન ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની હોટલોમાં જોરદાર બુકિંગ થઈ ગયા છે. બસ ભાડામાં ૫૦ ટકાનો વધારો અને ટ્રેનોમાં જોરદાર બુકિંગ અને લાંબા વેઈટિંગ લિસ્ટ એક નોર્મલ બાબત બની ગયા છે અને તે પાછળ હોટલ અને રેસ્ટોરન્ટ શેરોમાં છેલ્લા થોડા અઠવાડિયાથી આકર્ષણ વધતું જાય છે, પરંતુ નોર્મલ નફાશક્તિની સરખામણીમાં પણ આ શેરો ખૂબ જ ઊંચા વેલ્યૂએશન ઉપર પહોંચી ગયા હોવાથી તેમાં હવે સંભાળીને કામ કરવું સલાહભરેલ છે.

**ઇન્ડિયન હોટલ**નો શેર અત્યારે રૂા. ૨૭૦ ઉપર છે અને જે રીતે ફોરેન ટુરિસ્ટો અને બિઝનેસ ટ્રાફિક વધ્યો છે તે પાછળ આવતા થોડા દિવસોમાં રૂા. ૨૯૦ અને ૩૦૦નો ભાવ બતાવી દેશે તે સંભાવના મજબૂત છે અને તેથી ઈન્ડિયન હોટલના શેરમાં રોકાણ જાળવી રાખવું. લોંગટર્મ એન્ગલથી પણ આ શેર એકદમ કિફાયતી છે અને તે રીતે પણ આ શેરમાં રોકાણ જાળવી રાખવું ખૂબ જ સલાહભરેલ છે.


**ઇસ્ટ ઇન્ડિયા હોટલ્સ** એટલે કે ઈઆઈએચ લિમિટેડનો શેર અત્યારે કેવળ રૂા. ૧૫૩ ઉપર ચાલે છે અને આ શેરમાં પણ મજબૂત અપટ્રેન્ડ શરૂ થયો છે. ધીમા સુધારા સાથે રૂા. ૧૫૮ અને તે પછી રૂા. ૧૬૫નો ભાવ થોડા અઠવાડિયામાં જોવા મળવાની ગણતરી છે અને તેથી તેની ઉપર ફોકસ કરી શકાય.

**લેમન-ટ્રી હોટલ** અત્યારે રૂા. ૭૨-૭૩ ઉપર ચાલે છે અને તેમાં રોકાણ જાળવી રખાય. બિઝનેસ ટ્રાફિક વધ્યો હોવાને કારણે મીડસાઈઝ રૂમ ધરાવતી આ હોટલ કંપનીની કામગીરીમાં સુધારો શરૂ થઈ ગયો છે. અત્યારના ભાવથી આ શેરમાં ધીરે ધીરે રૂા. ૭૪-૭૭-૮૧ના ભાવની સંભાવના

## ગામની ગપસપ

- **માઇન્ડ-ટ્રી**, એલએન્ડટી હસ્તકની કંપની, અત્યારે રૂા. ૩૫૩૮ ઉપર આવી ગયો છે. રૂા. ૨૬૪૯ થયેલો ત્યારે આ શેર અને એલએન્ડટી ઈન્ફોટેક ભારપૂર્વક લેવાનું કહેતા હતા. હજી મોડું નથી થયું. થોડાક શેર લઈને મૂકી શકાય. શોર્ટટર્મમાં રૂા. ૩૬૦૬ અને તે પછી રૂા. ૩૭૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.
- **અદાણી ટ્રાન્સમિશન**, કમાવડાવશે તેમ ગયા અંકના હેડિંગમાં આપ્યું હતું અને વધીને રૂા. ૩૫૩૦ ઉપર આવ્યો છે. અદાણીને આપણે પ્રેમ નથી કરવાનો, નફા સાથે પ્રેમ રાખો, આ શેરમાં હવે રોકડી કરીને તે પૈસા અદાણી એન્ટરપ્રાઈઝમાં શિફ્ટ કરી દેવા સલાહભરેલ.
- **એલએન્ડટી ઇન્ફોટેક**, લાર્સનવાળાનો આ શેર પણ થોડાક અંક પહેલા રૂા. ૩૯૦૦ આસપાસના ભાવે લેવડાવેલો, અત્યારે વધીને રૂા. ૪૯૧૮ થઈ ગયો છે. લીધા હોય તો જાળવી રાખજો, ન લીધા હોય તો થોડાક શેર લઈ શકાય. શોર્ટટર્મમાં રૂા. ૫૦૦૦ અને તે પછી રૂા. ૫૧૨૫ના ભાવની ગણતરી.
- **મેનન બેરિંગ**, રૂા. ૮૯ના ભાવે મળી રહ્યો છે. માંગમાં સુંદર ઉછાળો, આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૯૪ અને તે પછીના ઉછાળે રૂા. ૯૮ના ભાવની સંભાવના મજબૂત છે.
- **બેંક ઓફ બરોડા**, રૂા. ૧૧૯ના ભાવે શેર આકર્ષક, નફાશક્તિમાં સુંદર ઉછાળો, થોડાક શેર લઈને મૂકી શકાય. રૂા. ૧૨૫ અને તે પછીના ઉછાળે રૂા.૧૩૨ થોડા દિવસોમાં જોવા મળે.
- **એસબીઆઇ કાર્ડ્સ**, ભેગા કરવાનું દર્શાવેલું, વધીને રૂા. ૯૩૮ ઉપર આવી ગયો છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૯૫૮થી રૂા. ૯૭૩ના ભાવની એનએસની વાત.
- **આઈસીઆઈસીઆઈ પ્રૂ. લાઈફ**, જોરદાર કામગીરી, બિઝેનસમાં તોતીંગ ઉછાળો, અત્યારના રૂા. ૫૮૧ના ભાવે થોડાક શેરો લઈને મૂકી દેજો, આવતા થોડા દિવસોમાં રૂા. ૫૯૯ અને તે પછી રૂા. ૬૧૨નો ભાવ જોવા મળવાનો.
- **અંબુજા સિમેન્ટ**, અદાણી હસ્તકની કંપની અને તેથી સરકારી પ્રોજેક્ટોમાં હવે જંગી પ્રમાણમાં માલ વેચાય તે સમજી શકાય. અત્યારના રૂા. ૩૮૧ના ભાવે ભેગા કરતા જવાય. અને આવતા થોડા દિવસોમાં રૂા. ૪૦૦ અને તે પછી રૂા. ૪૨૨ના ભાવની સંભાવના જોતા કેએસ.
- **દીપક નાઇટ્રેટ**, અત્યારે રૂા. ૨૦૪૧ ઉપર મળી રહ્યો છે. માંગમાં સુંદર ઉછાળો, આવતા થોડા દિવસોમાં રૂા. ૨૦૭૭ અને તે પછી રૂા. ૨૧૭૭ના ભાવની સંભાવના મજબૂત. પાંચ કે દસ શેરનું જોખમ લઈ શકાય.
- **એચડીએફસી એએમસી**, રૂા. ૧૯૮૮ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૨૦૫૦ અને તે પછી ધીરે ધીરે રૂા. ૨૧૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી. દસેક શેર લઈને મૂકી દેવા ખોટા નહિ.
- **ઝાયડસ લાઇફ**, ઘટાડાનો ટ્રેન્ડ પૂરો કર્યો. અત્યારના રૂા. ૩૬૪ના ભાવે દસ કે વીસ શેર પકડી શકાય અને ધીમા સુધારા સાથે રૂા. ૩૮૦-૪૦૦ના ભાવની સંભાવના મજબૂત.
- **પીઆઈ ઇન્ડસ્ટ્રીઝ**, સ્પેશ્યાલિટી કેમિકલ્સના ધંધામાં આકર્ષણ ઘટ્યું, તેમ છતાં રૂા. ૩૧૭૪વાળા પીઆઈ ઈન્ડસ્ટ્રીઝમાં મજબૂત તેજીની વાત કરતા આરએસ. ઉપરમાં રૂા. ૩૨૭૨ ક્યાં આવી જશે અને તે પછીના ઉછાળે રૂા. ૩૪૧૪ના ભાવની સંભાવના મજબૂત, પાંચેક શેર લઈને મૂકી શકાય.
- **એચઈજી**, સ્ટીલ ઉદ્યોગમાં વપરાતા ગ્રેફાઈટ ઈલેક્ટ્રોડનું મોટું કામકાજ, અત્યારે રૂા. ૧૨૭૪ ઉપર છે, કરેકશન પૂરું થયું અને હવે અપટ્રેન્ડમાં, નજીકના દિવસોમાં જ રૂા. ૧૩૩૩ અને તે પછી થોડા દિવસોમાં રૂા. ૧૩૯૩ના ભાવની સંભાવના મજબૂત.
- **ઓરીએન્ટ હોટલ**, તાતા ગ્રૂપ સાથેનો સંબંધ, હોટલ ટ્રાફિકમાં તોતીંગ ઉછાળો, અત્યારે રૂા. ૬૭-૬૮ના ભાવે થોડાક શેરો લઈને મૂકી દો, રૂા. ૧૦ વધીને રૂા. ૭૮ ક્યાં થઈ જશે તે પણ ખબર નહિ પડે.

## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ

staffavailable.com

ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com

## Yash Innoventures Limited

**(CIN: L45100GJ1991PLC016557)**

**(Formerly known as Redex Protech Limited)**

**Registered Office: 1 Floor, Corporate House No.3, Parshwanath Business Park, Behind Prahladnagar Garden, S G Highway, Ahmedabad-380014, Gujarat, India.**

**Statement of Unaudited Financial Results for the Quarter ended June 30, 2022**

(Rs. in Lacs)

| Sr. no | PARTICULARS | Quarter ended on 30th June, 2022 | Quarter ended on 31st March, 2022 | Quarter ended on 30th June, 2021 | Year ended on 31st March, 2022 |
|---|---|---|---|---|---|
| 1 | Income | | | | |
| | (a) Revenue from Operations | 0.50 | 5.60 | 0.51 | 7.09 |
| | (b) Other Income | 9.00 | 9.01 | 644.14 | 1,243.58 |
| | Total Income | 9.50 | 14.61 | 644.65 | 1,250.67 |
| 2 | Expenses | | | | |
| | (a) Purchases | - | (25.39) | - | 1,059.02 |
| | (b) Changes in inventory | - | (2.47) | - | (1,086.88) |
| | (b) Employee benefits expense | 17.22 | 17.01 | 13.45 | 66.48 |
| | (c) Depreciation | 0.74 | 0.73 | 0.61 | 2.59 |
| | (d) Other expenses | 11.24 | 39.17 | 5.49 | 77.00 |
| | Total Expenses | 29.20 | 29.05 | 19.55 | 118.21 |
| 3 | Profit/(loss) before tax (1 - 2) | (19.70) | (14.44) | 625.10 | 1,132.46 |
| 4 | Tax Expense | | | | |
| | (a) Current tax | - | 23.31 | 131.63 | 269.85 |
| | (b) Short provision of earlier years | - | 0.38 | - | 0.38 |
| | (b) Deferred tax | (0.01) | 3.47 | (48.14) | 3.43 |
| | Total Tax Expense | (0.01) | 27.16 | 83.49 | 273.66 |
| 5 | Profit/(loss) for the period (3 - 4) | (19.69) | (41.60) | 541.61 | 858.80 |
| 6 | Other Comprehensive Income | - | - | - | - |
| 7 | Total comprehensive income/(loss) for the period (5+6) | (19.69) | (41.60) | 541.61 | 858.80 |
| 8 | Paid-up equity share capital (face value ‘ 10/- per share) | 672.12 | 672.12 | 672.12 | 672.12 |
| 9 | Other equity | - | - | - | |
| 10 | Earnings per share (‘) (not annualised except for the year ended) | | | | 730.57 |
| | - Basic EPS | (0.29) | (0.62) | 8.06 | 12.78 |
| | - Diluted EPS | (0.29) | (0.62) | 8.06 | 12.78 |
| | (See accompanying notes to the Financial Results) | | | | |

**Notes:**

1. The above unaudited financial results were reviewed by the Audit Committee and have been considered and approved by the Board of Directors at their meeting held on August 8, 2022. The same have been subjected to Limited Review by the Statutory Auditors.
2. The above financial results are extracted from the Audited Financial Statements of the Company which are prepared in accordance with Indian Accounting Standards ('Ind AS') as prescribed under section 133 of the Companies Act, 2013 ("the Act") read with relevant rules issued thereunder.
3. During the Quarter June 30, 2022 the Company is operating in two segments i.e. Construction and Infrastructure and Fire extinguisher.
4. The figures for previous period have been regrouped / reclassified /restated wherever necessary to make them comparable with the current year's classification.
5. The figures for the quarter ended March 31, 2022 are the balancing figures between audited figures in respect of full financial year and unaudited published year-to-date figures up to third quarter ended December 31, 2021 , which were subject to limited review.
6. The results for the quarter ended June 30, 2022 are available on the BSE Limited website (URL: www.bseindia.com/corporates).

**Place : Ahmedabad**
**Date : 08/08/2022**

**For Yash Innoventures Limited**
**(Formerly known as Redex Protech Limited)**
SD/-
**Mr. Gnanesh Bhagat**
**Managing Director**
**DIN - 00115076**